# અમદાવાદના જુદા-જુદા વિસ્તારમાં ખાલી પડેલ આવાસોના

# ડ્રો અંગેની એસ.ઓ.પી.

અમદાવાદ શહેરી વિકાશ સત્તામંડળ દ્વારા અમદાવાદના જુદા-જુદા વિસ્તારમાં ખાલી પડેલ આવાસો માટે તા. ૧૮/૧૦/૨૦૨૨ થી ૧૬/૧૧/૨૦૨૨ સુધીમાં ઓન-લાઈન અરજીઓ મંગાવવામા આવેલ જેનો ડ્રો તા. ૧૫/૦૨/૨૦૨૩ના રોજ ઔડા કચેરીના મુખ્ય કારોબારી અધિકારીશ્રીના વરદ હસ્તે ઓન-લાઈન કરવામાં આવશે. સદર ડ્રો નુ પરિણામ તમામ અરજદારોશ્રીએ ઔડાની વેબસાઈડ www.auda.org.in ઉપરથી મેળવી લેવાનુ રહેશે. સદર ડ્રો ઓનલાઈન હોઈ, અરજદારશ્રીએ ઔડા કચેરી ખાતે હાજર રહેવાનું રહેશે નહીં.

- <u>ડ્રો ની વિગત</u>

➢ **આવાસ મેળવવા માટે કુલ,૫૨૧૫ અરજીઓ આવેલ હતી**

| PH | ST | SC | OBC | DEF | GEN |
|---|---|---|---|---|---|
| 62 | 122 | 2139 | 1429 | 05 | 1458 |

➢ સદર ડ્રોમાં ખાલી પડેલ કેટેગરીમાં જ કેટેગરી વાઈઝ આવાસની આવાસની ફાળવણી કરવામાં આવશે.

➢ ડ્રોમાં સફળ થયેલ અરજદારો ને નીચે મુજબ અધારપુરાવા રજુ કરવાના રહેશે

➢ સત્તામંડળ દ્વારા આધારપુરાવાની ચકાસણી માટે આપવામાં આવેલ તારીખ અને સમય આપવામાં આવશે. ત્યારે અચૂક હાજર રહેવાનું રહેશે.

(૧) અરજદારનું સક્ષમ અધિકારી તરફથી મેળવેલ આવકનું પ્રમાણપત્ર/છેલ્લા ત્રણ વર્ષના ઇન્કમટેક્ષ રીર્ટન.
(૨) અરજદારનો રહેઠાંણનો પુરાવો.
(૩) અરજદારની ઉંમરનો પુરાવો. (સ્કુલ સર્ટી, જન્મ નોંધણી અંગેનું પ્રમાણપત્ર)
(૪) જાતિ અંગેનું પ્રમાણપત્ર.
(૫) ફોટો આઇ.ડી.(ઇલેકશન કાર્ડ, પાનકાર્ડ, આધારકાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ)
(૬) ઇલેકટ્રીસીટી બીલ, ટેક્ષબીલ.
(૭) ભાડા કરાર.
(૮) શારીરીક ખોડ ખાંપણ અંગેનું સિવિલ સર્જનનું પ્રમાણપત્ર.
(૯) સોગંદનામું ફોટોનોટરાઇઝ.
(૧૦) ડિફેન્સ પર્સોનલ હોવા બાબતનું પ્રમાણપત્ર.

➢ આવાસની ફાળવણી રજુ કરેલ આધાર-પુરાવાની ચકાસણી કર્યા બાદ તથા સ્થળ તપાસ કર્યા બાદ ફાળવણી પત્ર આપવામાં આવશે.

➢ ૧૮૧ ના કુલ ૨૦% પ્રતિક્ષા યાદીમા રહેલ અજદારો ની ડીપોઝીટ અત્રેની કચેરીમાં જમા રહેશે

➢ જે અરજદારો ડ્રો અને પ્રતિક્ષાયાદીમા અસફળ રહેલ હોય તેવા અરજદારો ને રજુ કરેલ બેંક એકાઉન્ટના ખાતામા પરત કરવામાં આવશે.